બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શાળાઓના કર્મચારીઓની ભરતીને બહાલી આપવા
બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૧-૨૦૦૯-૩૫૧૬૨૦ -ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૮.૨૦૦૯
25 AUG 2009

વંચાણે લીધાઃ-

૧. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૧૮૭-૨૮૭૯-૫૧-ગ, તા. ૧૭.૩.૯૯
૨. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૧૯૯-૧૮૩૧-ગ, તા. ૧૦.૨.૨૦૦૦
૩. કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરીનો પરિપત્ર ક્રમાંકઃ

પ્રસ્તાવનાઃ-

બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અનુદાન સહાય આપવાનું અને તેનું ઓડીટ કરવાનું ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) ના ઠરાવથી નક્કી થયેલ. આ ઠરાવ અન્વયે કરવાની થતી ઓડીટની કામગીરી સમયમર્યાદામાં પૂરી ન થવાથી અને કામગીરીના બેકલોગ ઘણો જ વધી જવાની પરિસ્થિતિના નિવારણ માટે ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨) ના ઠરાવથી ઓડીટની કામગીરી બાબતે વિશેષ જોગવાઇઓ ઠરાવવામાં આવેલ. આ ઠરાવની જોગવાઇ નં. ૨ માં બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ઓડીટ અંગે જિલ્લા શિક્ષણાધિકારી ધ્વારા જે તે વર્ષમાં થયેલ નિમણૂકો અંગેની દરખાસ્ત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ બહાલી આપ્યા બાદ એક વર્ષની અંદર નિમણૂક અંગેના તમામ દસ્તાવેજો સાથેની દરખાસ્ત કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીને ઓડીટના હેતુ માટે મોકલવાનું નક્કી થયેલ. કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીની ઓડીટ શાખા ધ્વારા આ દરખાસ્તોને જે તે વખતના પ્રવર્તમાન નિયમો અને કાર્યપધ્ધતિને અનુલક્ષીને મંજુર / નામંજુર કરવાનો નિર્ણય બે માસમાં લેવાનું નક્કી થયેલ. ત્યારબાદ કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરી ધ્વારા તેઓના તા. ૧૮.૪.૨૦૦૦ ના પરિપત્રથી શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી અને બહાલી બાબતે અલયાદી સૂચનાઓ આપેલ જેમાં જણાવેલ કે, '' બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની નિમણૂકની ઠરાવેલી પ્રક્રિયા કર્યા બાદ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી મારફતે સંબંધિત શાળાઓએ ઓડીટના હેતુસર તેમના ધ્વારા કરવામાં આવેલ નિમણૂકને પ્રમાણિત કરાવી લેવાની રહેશે. જે તેઓની કચેરી ધ્વારા પ્રમાણિત

કરાવ્યા બાદ ભવિષ્ય માટે થનાર ઓડીટ માટે આખરી ગણવામાં આવશે. આ હેતુ માટે ખાલી તરફથી ભરતીની નિયત પ્રક્રિયા શાળા કક્ષાએ પુરી કર્યા બાદ બહાલી લેવા માટે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીને મોકલવામાં આવેલ દરખાસ્તની જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએ ચકાસણી કરી નીચેની શરતોનો સ્પષ્ટ ઉલ્લેખ સાથે કામચલાઉ (એડહોક) બહાલી આપવાની રહેશે. "

આવી નિમણૂક હંગામી ધોરણે કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન અને શાળાઓની કચેરીની ઓડીટ શાખા ધ્વારા ઓડીટના હેતુસર પ્રમાણિત ન કરવામાં આવે ત્યાં સુધી જ અન [illegible] આપવામાં આવે છે. " આ ઉપરાંત અન્ય સૂચનાઓ પણ આપવામાં આવેલ પરંતુ અનુભવે જણાયેલ છે કે, કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીની ઓડીટ શાખામાં આવતી બહાલી અંગેની દરખાસ્તોને ચકાસણી કરવામાં અને બહાલી આપવામાં પણ ઘણો વિલંબ થાય છે આ પરિસ્થિતિનો ઉકેલ લાવવા અને સમયસર બહાલી મળી તેવી વ્યવસ્થા ગોઠવવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું.

ઠરાવ

પુખ્ત વિચારણાને અંતે આમુખમાં જણાવેલ પરિસ્થિતિના નિવારણ માટે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કરવામાં આવતી શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓની નિમણૂકોને અગાઉ ઓડીટને આધીન બહાલી આપવાની જે જોગવાઈ કરવામાં આવેલી છે તે આથી તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે છે. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી ધ્વારા જયારે નિમણૂકને બહાલી આપવામાં આવે ત્યારે નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧ આ હુકમોનો અમલ તા. ૧.૪.૨૦૦૫ કે ત્યારબાદ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી ધ્વારા અપાયેલ તમામ કામચલાઉ બહાલીઓ માટે તાત્કાલિક અસરથી લાગુ પાડવામાં આવે છે જે કિસ્સાઓમાં સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી ધ્વારા અગાઉ કામચલાઉ બહાલી આપવામાં આવેલ હોય અને કમિશ્નર કચેરીની ઓડીટના હેતુ માટે બહાલી બાકી હોય તેવા તમામ કિસ્સાઓમાં જે તે સમયના પ્રવર્તમાન નિયમો અન્વયે અનુદાનના હેતુ માટે નિમણૂક મંજુર અથવા નામંજુર કરવાનો નિર્ણય સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ નીચેની અન્ય શરતો મુજબ ચકાસણી કરી આપવાનો રહેશે.

૨ શાળા ધ્વારા નિમણૂકને બહાલી આપવાની દરખાસ્ત રજુ કરવામાં આવે ત્યારે તેઓની કચેરી ધ્વારા, શાળાને આપવામાં આવેલ એન.ઓ.સી., શાળા ધ્વારા આપવામાં આવેલ જાહેરાત, પસંદગી સમિતિની રચના તથા થયેલ કાર્યવાહી, ગુણાંકન, માન્ય યુનિવર્સિટીની તથા માન્ય ડીગ્રી છે કે કેમ ? તે બાબતે વખતોવખતની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અને કમિશ્નરશ્રી, શાળાઓની સૂચનાઓને ધ્યાને લઇ બહાલી આપવાની કે નામંજુર કરવાની રહેશે. આ સાથે સામેલ ચેકલીસ્ટ મુજબની ચકાસણી કરી

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ કરવાની રહેશે અને તે કાયમી ધોરણે કચેરીમાં રાખવાનું રહેશે.

૩. બહાલી કામચલાઉ આપવાની નથી પરંતુ આખરી બહાલી આપવાની હોવાથી જીલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ખુદ પૂરતી ચકાસણી કરવાની રહેશે અને ભવિષ્યમાં આવી કોઇ બહાલી પૂરતી કાળજી રાખીને આપવામાં આવી નથી તેવું સરકારશ્રીના ધ્યાને આવશે તો તે માટે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની જવાબદારી નકકી કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૪. જે કિસ્સાઓમાં રાજય બહારની યુનિવર્સિટીની ડીગ્રી હોય તેવા કિસ્સામાં બહાલી આપવાની કાર્યવાહી કમિશ્નરશ્રી, શાળાઓની ધ્વારા આ વિભાગના પત્ર ક્રમાંક:બમશ-૧૧૦૯-ઓડી-૭-ગ, તા. ૩.૬.૨૦૦૯ થી આપવામાં આવેલ સૂચનાનુસાર એક વર્ષની સમયમર્યાદામાં કરવાની રહેશે. આ બાબતને લગતું જરુરી રેકર્ડ કમિશ્નરશ્રી, શાળાઓના ઓડીટ યુનીટે સાચવવાનું રહેશે.

૫. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી ધ્વારા શાળાઓને આપવામાં આવતી બહાલીનું રેકર્ડ પોતાની કચેરીમાં પણ રાખવાનું રહેશે. ભવિષ્યમાં જયારે પણ બહાલીનું રેકર્ડ માંગવામાં આવે ત્યારે રજુ કરવાની જવાબદારી જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની તથા તેઓની કચેરીના સ્ટાફની રહેશે.

૬. <u>જે કિસ્સામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની નિવૃત્તિને ત્રણ વર્ષ બાકી હોય તેવા તમામ</u> **<u>કિસ્સાઓમાં જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ધ્વારા આખરી બહાલી ન આપતા તેવી દરખાસ્તો, જરુરી ચકાસણી બાદ, કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીને મોકલવાના રહેશે અને કમિ. શાળાઓની કચેરીની ઓડીટ શાખા ધ્વારા ચકાસણી કર્યા બાદ બે માસના સમયમાં અચૂક બહાલી આપવાની રહેશે.</u>**

૭. આ ઠરાવ અન્વયે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ ધ્વારા આપવામાં આવતી બહાલી અંગે કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરીની ઓડીટ શાખા ધ્વારા જયારે પણ શાળાઓને આપવામાં આવેલ અનુદાનનું ઓડીટ કરવામાં આવે ત્યારે બહાલી આપવામાં આવેલ હોય તેવી દરખાસ્તો પૈકી ૫ થી ૧૦ ટકા દરખાસ્તોની રેન્ડમલી પ્રતિક ચકાસણી કરવાની રહેશે. કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી તરફથી કરવામાં આવતી નિમણૂકોની પ્રતિક ચકાસણી દરમ્યાન ધ્યાનમાં આવેલ અનિયમિતતા, નિયમોનો ભંગ, ભરતી નિયમો યોગ્ય રીતે અમલ ન કરવાની બાબતો વગેરેનો અહેવાલ શિક્ષણ વિભાગને ત્વરીત સૂચનો સહીત રજુ કરવાનો રહેશે.

૮. કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી તથા શિક્ષણ વિભાગ ધ્વારા વખતોવખત જીલ્લાની કચેરીના નિરીક્ષણ વખતે ભરતીની બહાલીની દરખાસ્તો નિયમોનુસાર મંજુર થયેલ છે કે કેમ? તેની ચકાસણી કરવાની રહેશે.

૯. રાજ્યના તમામ જિલ્લાઓ માટે નિમણૂકોની પ્રતિક ચકાસણી અંગેની ટીમ તેમજ અધિકૃત અધિકારીની નિમણૂક કરી વાર્ષિક કેલેન્ડર તૈયાર કરી શિક્ષણ વિભાગના નાયબ સચિવશ્રી (માધ્યમિક) ને નામજોગ મોકલી આપવાનું રહેશે.

૧૦. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરી ધ્વારા જે કિસ્સાઓમાં બહાલી આપવામાં આવે તે તમામ શાળાઓના કિસ્સામાં બહાલી આપતા હુકમની નકલ કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી તથા શિક્ષણ વિભાગને જાણ સારુ અચૂક મોકલી આપવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એન.પી.વાછાણી )
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુકત નિયામકશ્રી (ઓડીટ), કમિ. મ.ભો.યોજના અને શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સેકટર નં. ૧૦, ગાંધીનગર.
- તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, ........................
- પસંદગી ફાઇલ.

## બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતીને બહાલી આપવા માટે ચકાસણી કરવાનું પત્રક

| ક્રમ | વિગત | રીમાર્કસ |
|---|---|---|
| ૧ | શાળાનું નામ | |
| ૨ | વિધાર્થી સંખ્યા | |
| ૩ | મંજુર થયેલ વર્ગ | |
| ૪ | મળવાપાત્ર શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક જગ્યાઓ. | |
| ૫ | ભરાયેલ શિક્ષક / બિનશૈક્ષણિક જગ્યા<br>શિક્ષકનું / કર્મચારીનું નામ<br>શૈક્ષણિક લાયકાત<br>નિમણૂક તારીખ | |
| ૬ | સંસ્થાએ માંગેલ એન.ઓ.સી. ની વિગત | |
| ૭ | જીલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આપેલ એન.ઓ.સી. ની વિગત | |
| ૮ | સંસ્થાએ જાહેરાત આપ્યાની વિગત<br>વર્તમાનપત્રનું નામ<br>જાહેરાત આપ્યા તારીખ | |
| ૯ | વર્તમાનપત્ર બહોળી પ્રસિધ્ધિ ધરાવે છે? | |
| ૧૦ | આવેલ અરજીઓની વિગત<br>કેટલી અરજીઓ આવી ?<br>મેરીટની યાદી સામેલ રાખવી. | |
| ૧૧ | પસંદગી સમિતિના સભ્યોના નામ | |
| ૧૨ | પસંદગી સમિતિનું કોરમ નિયમોનુસાર કેટલા સભ્યોનું થાય? | |
| ૧૩ | કોરમ થયેલ છે કે નહીં ? | |
| ૧૪ | એન.ઓ.સી. પ્રમાણે ઉમેદવાર લાયકાત ધરાવે છે કે કેમ ? | |
| ૧૫ | પસંદગી સમિતિએ આપેલ ગુણાંકન વખતોવખતના નિયમો પ્રમાણે સુસંગત છે કે કેમ ? | |
| ૧૬ | ઉમેદવાર રાજય બહારની યુનિવર્સિટીનું પ્રમાણપત્ર ધરાવે છે કે કેમ? | |
| ૧૭ | જીલ્લા શિક્ષણાધિકારીશ્રીનો આખરી | |